# SMCની કર્મચારીઓ

## ફીલ્ડ વર્ક અને ઘરનાં કામોનું કઇ રીતે કરે છે બેલેન્સ?

કોઈ પણ વર્કિંગ વુમન હોય એમાં પણ જ્યારે તે પરિણીત હોય અને માતાની ભૂમિકામાં હોય ત્યારે તેણે બે નહીં પણ ત્રણ મોરચે લડવું પડતું હોય છે. ઘરનાં કામો, બાળકોની જવાબદારી અને ઓફિસ વર્ક માટે ટાઈમ મેનેજમેન્ટ કરવું ઘણી વખત તેના માટે માથાનો દુખાવો સાબિત થાય છે. એમાં પણ જો રેગ્યુલર ટાઈમ ઉપરાંત ફિલ્ડ વર્ક કરવું પડે તો ઓફિસ, ફિલ્ડ વર્ક અને ઘરનાં કામોને બેલેન્સ ના છૂટકે કરવું જ પડે. જો કદાચ પ્રાઈવેટ જોબ હોય તો સ્ત્રી ઓફિસ અને ફિલ્ડ વર્કવાળી જોબ મોટા ભાગે પસંદ નહીં કરે. આપણે SMCની વાત કરીએ તો અહીં રૂટિન ઓફિસ વર્ક તો હોય જ છે પણ સફાઈઝુંબેશ હોય તો સફાઈ કર્મચારીના વર્કનું નિરીક્ષણ કરવા ફિલ્ડમાં જવું પડે અને ઓફિસમાં આવીને રિપોર્ટ પણ તૈયાર કરવો પડે. SMC સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની સ્કૂલનાં ટીચર્સની વાત કરીએ તો તેમણે બાળકોને ભણાવવાનાં હોય, ઉપરાંત વસ્તી ગણતરી કે ઈલેક્શનની ડ્યુટી પણ નિભાવવી પડે. વળી, શહેર વિકાસના પ્રોજેક્ટના ઉદઘાટન મહાનુભાવોને હસ્તે કોઈ વખત સવારે તો કોઈ વખત સાંજે પણ થતાં હોય એ વખતે પણ કેટલીક જવાબદારીઓ મહિલા કર્મચારીઓએ કરવાની હોય છે. તેઓ પોતાના આ કામને ફરજનિષ્ઠા પૂર્વક કરતા જ હોય છે પણ આ માટે તેઓ નોકરી અને પરિવારના કામોનું બેલેન્સ કરીને કરતા હોય છે. તો ચાલો આપણે SMCના અલગ અલગ વિભાગની મહિલા કર્મચારીઓને મળીએ અને જાણીએ કે તેઓને ઓચિંતું ફિલ્ડ વર્ક માટે જવું પડે, સાંજે મીટિંગ નક્કી થઈ હોય તો તેઓને ઘરે પહોંચવામાં મોડું થતું હોય એવા સમયે તેઓ પોતાના ઘરનાં કામોને કઈ રીતે સાચવી લે છે, તેને પરિવારનો સપોર્ટ કેવો મળે છે? તેઓ ઓફિસના ફિલ્ડ વર્ક અને ઘરનાં કામોને કઈ રીતે બેલેન્સ કરે છે, ક્યારેક તેના બાળકને પૂરતો સમય ના આપી શકે ત્યારે તેને ગિલ્ટ ફીલ થાય છે, ચાલો આપણે કેટલીક મહિલા કર્મચારીઓને મળીને તેઓ ઓફિસ અને ઘરનાં કામોને કઈ રીતે એડજસ્ટ કરે છે તે જાણીએ...



### વસ્તીગણતરીનું કામ તો એક મહિના માટે જ છે, બાળકોને મારાં સાસુસસરા સંભાળી લે છેઃ મિત્તલ ચુડાસમા

મિત્તલબેન SMC સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની સ્કૂલમાં ટીચર છે. તેમને અત્યારે વસ્તીગણતરીનું કામ પણ સોંપવામાં આવ્યું છે. અડાજણ વિસ્તારમાં રહેતાં 38 વર્ષીય મિત્તલબેનનું કહેવું છે કે, ‘‘જ્યારે એક્સ્ટ્રા કામ સોંપવામાં આવે ત્યારે તે જવાબદારી થોડા સમયની હોય. હા, ત્યારે ટાઈમ મેનેજમેન્ટ કરીને ઘર અને જોબનાં કામોને બેલેન્સ કરવાનાં હોય પણ એક્સ્ટ્રા વર્કમાંથી નવું શીખવા મળતું હોય છે. વેકેશનમાં હું સવારે 11 થી 12 એક કલાક વસ્તી ગણતરીના કામ માટે ફિલ્ડ વર્ક કરતી હતી. બપોરે 12.30 વાગે મારા હસબન્ડ ઘરે આવે એટલે એમના અને બાળકોના જમવાનો સમય સચવાય જાય પછી 3 વાગે ફરી વસ્તી ગણતરી માટે ફિલ્ડ વર્ક કરતી. સાંજે પાંચ સાડા પાંચ સુધી વસ્તીગણતરીનું કામ કરીને ફરી ઘરે આવી જાઉં. મારા હસબન્ડ SMCમાં ગાર્ડન ખાતામાં છે તેઓને પણ વસ્તીગણતરીનું કામ સોંપવામાં આવ્યું છે. વેકેશન પત્યા બાદ બપોરે 12.30 થી 5.55 વાગ્યા સુધી સ્કૂલમાં રહું છું. પછી ઘરે આવીને રસોઈ કરું, થોડો સમય બાળકો સાથે રહું છું ત્યાર બાદ રાત્રે 8થી 10 વાગ્યા સુધી વસ્તી ગણતરીના કામમાં રહું છું. આ દરમિયાન બાળકોને મારા હસબન્ડ અને મારાં સાસુસસરા સંભાળે છે. ક્યારેક સાંજે મારા હસબન્ડ પણ મારી સાથે વસ્તી ગણતરીના કામમાં જોડાતા હોય. સ્કૂલમાં પણ વિવિધ પ્રકારની કોમ્પિટિશન હોય ત્યારે પણ મને ક્યારેક ઘરેથી વહેલું સ્કૂલે જવાનું હોય કે પછી ક્યારેક સ્કૂલેથી ઘરે આવવામાં મોડું થતું હોય તો મારા 8 વર્ષના દીકરા અને 4 વર્ષની દીકરીને સ્કૂલ માટે મારાં સાસુ રેડી કરતાં હોય, એમના લંચબોક્સ પણ તેઓ તૈયાર કરતા હોય. લગ્ન પહેલાં હું વાંકાનેરમાં સ્કૂલ ટીચર હતી. ત્યારે રાજકોટમાં મમ્મીના ઘરે રહેતી. રાજકોટથી અપડાઉન કરીને સ્કૂલનું કામ પણ કરતી અને BLOનું કામ પણ સંભાળતી હતી. શનિવારે 3-4 કલાક બીએલઓનું કામ કરી લેતી. વાંકાનેરમાં જોબ કરતી હતી ત્યારે મારો દીકરો 10 મહિનાનો હતો એ સમયે મારાં મમ્મી મારા બાળકને સંભાળતાં જો ત્યારે મારા મમ્મીનો સપોર્ટ ના હોત તો આજે હું અહીં ના પહોંચી શકી હોત. અત્યારે વસ્તીગણતરીનું કામ તો એક મહિના માટે જ છે. હા, ઘર, સ્કૂલ, બાળકો સાચવવાં અને વસ્તીગણતરીનું કામ કરવું આ બધાંમાં થાક તો લાગશે જ પણ મને નવું પણ શીખવા મળશે. આવા સમયે જ તમે ટાઈમ મેનેજમેન્ટ કરતા શીખી શકો છો. બાળકો પણ એડજસ્ટ કરતાં ટેવાઈ જાય છે. હા, બચપન પાછું નથી આવતું એટલે અત્યારે બાળકોને ફરવા પણ લઈ જવાનાં હોય પણ રવિવારે બાળકોને ફરવા લઈ જવાનું આવા સમયે રાખીએ છીએ. નવી એક્સ્ટ્રાની કામગીરી તમારી નોકરીનો જ ભાગ હોય અને એમાંથી નવા અનુભવો મળે. મેં તો કોરોના સમયમાં પણ એક્સ્ટ્રા વર્ક કર્યું છે એટલે મને આવા સમયે ઘર, પરિવાર, જોબ સાચવવાનું અઘરું નથી લાગતું.’’



### વર્કને પ્રાયોરિટી આપું છું, પ્લાનિંગ કરીને ઓફિસ, ઘરનાં કામોની જવાબદારી નિભાવું છુંઃ મીરાં પરમાર

જહાંગીરપુરારા વિસ્તારમાં રહેતાં 46 વર્ષીય મીરાંબેન પરમાર રાંદેર ઝોનમાં આરોગ્ય વિભાગમાં સીનિયર ક્લાર્ક તરીકેની ફરજ બજાવે છે. તેમણે જણાવ્યું કે, ‘‘મારી દીકરીઓ નાની હતી ત્યારે મને ઓફિસ અને ફિલ્ડવર્ક તથા ઘરનાં કામો અને દીકરીઓને સાચવવાનાં કામમાં થોડી તકલીફ પડતી પણ હવે દીકરીઓ સમજદાર થઈ ગઈ છે, તેઓ પોતાનાં કામો અને ઘરનાં નાનાંમોટાં કામો કરી લે એટલે મને ઘણી હળવાશ થઈ ગઈ છે.’’ તેમણે જણાવ્યું કે, ‘‘વેસ્ટ ઝોનના આરોગ્યવિભાગમાં આવેલી 14 વોર્ડ ઓફિસ વિબીડીસી વિભાગ, જન્મમરણ વિભાગની વહીવટી કામગીરી મારે કરવાની આવે છે. ઉપરી અધિકારીઓ દ્વારા મળતી સૂચનાઓ મુજબ વોર્ડ ઓફિસ તેમજ યુનિટમાં આવતી માહિતીઓનું સંકલન કરવાનું, તેમ જ અવારનવાર થતાં પ્રોગ્રામમાં હાજર રહેવા માટે આરોગ્યની તમામ વોર્ડ ઓફિસમાંથી ટીમ બનાવી ઉપરી અધિકારીઓ પાસે મંજૂર કરવી, તેમને સ્થળ પર જવા માટે સૂચનાઓ આપવી. વેસ્ટ ઝોન વિસ્તારની જાહેર જનતા પાસેથી આવતી આરોગ્યને લગતી તમામ ફરિયાદોની જેતે વિસ્તારની વોર્ડ ઓફિસમાં જાણ કરી સમયમર્યાદામાં તેનું નિરાકરણ કરાવવું. આ રૂટિન કામગીરી ઉપરાંત સફાઈઝુંબેશ, અવારનવાર SMC દ્વારા થતાં કાર્યક્રમો, SIR કામગીરી, BLO (બૂથ લેવલ ઓફિસર), પોલિયોની કામગીરી, શેલ્ટર હોમ વિઝિટ કરી એની સુવિધાઓ યોગ્ય છે કે નહીં તે અંગેનો રિપોર્ટ તૈયાર કરવો, વસ્તીગણતરી જેવી કામગીરી સમયાંતરે આવતી હોય છે તે સમયે ઘર, બાળકો રૂટિન કામગીરી બધાંને ન્યાય આપવો જરૂરી બની જાય છે. દરેક કામગીરી સારી રીતે પૂરી થાય તે માટે એક આગોતરું આયોજન કરી હું મારી કામગીરીઓ સુપેરે પાર પાડું છું. મારી મોટી દીકરી 12 સાયન્સમાં છે જ્યારે નાની દીકરી આઠમા ધોરણમાં છે. અત્યારે વસ્તીગણતરીનાં કામ માટે મારે જવું પડે છે. તો હું સવારે દીકરીઓને સ્કૂલે મોકલી ઘરની રસોઈ બનાવી સવારે 8.30 વાગે વસ્તીગણતરીનાં કામ માટે ફિલ્ડમાં જાઉં છું, આકરો તડકો શરૂ થાય તે પહેલાં સવારે 10.30 સુધીમાં વસ્તીગણતરીનું કામ પૂરું કરી ઓફિસ પહોંચી જાઉં. ઘરનાં કોઇ કામ બાકી રહ્યાં હોય તે સાંજે પૂરાં કરું. હા, હું એટલું ચોક્કસ કહીશ કે નોકરીની શરૂઆતમાં બાળકો નાનાં હોવાથી ઘણી ખરી તકલીફો આવતી પણ નોકરી સ્વીકારી જવાબદારી લીધી એટલે મનથી મક્કમ થવું જરૂરી બની જાય છે હું વર્કિંગ મધર છું તો મારાં બાળકો નાની ઉંમરથી ઘણા સમજદાર તેમ જ ઇન્ડિપેન્ડન્ટ થઈ ગયાં છે. હાલ થોડા મોટાં થયાં એટલે તેમનો સ્ટડી અને ઘરનાં નાનાં કામો જાતે કરે લે છે. ઘણી વખત એવું પણ બનતું હોય છે કે ઓફિસ રિલેટેડ કોઈ કામ આવી જાય અને ઘરે પણ જરૂર પડે જેવી કે બાળકોની એક્ઝામ હોય કે ઘરમાં કોઈ બીમાર હોય ત્યારે સાથી કર્મચારીઓ તેમ જ ઉપરી અધિકારીઓ સાથે કામની પ્રાયોરિટી નક્કી કરી કામગીરી પૂર્ણ કરવામાં આવે છે.’’



### પ્રેગ્નન્સીના 9 મહિના ફિલ્ડમાં કામ કર્યું છે, રાઇફલ શૂટિંગ, તલવારબાજી, ઘોડેસવારી પણ શીખી છુંઃ વંદના ભાંગરા

અત્યારે વંદનાબેનનું બાળક 11 મહિનાનું છે. તેઓ પોતાના રિલેટિવના ઘરે બાળકને મૂકીને નોકરી કરે છે. વરાછા હીરાબાગ વિસ્તારમાં રહેતાં વંદનાબેન ભાંગરા 30 વર્ષનાં છે અને હાલમાં SMCના ICDS (ઈન્ટિગ્રેટેડ ચાઈલ્ડ ડેવલપમેન્ટ સર્વિસીસ) બ્રાન્ચમાં કાર્યરત છે. પહેલા તેમણે સુપરવાઇઝરની જોબ કરી અને હવે ટ્રાન્સફર થતાં આ વિભાગમાં જ ઓફિસ વર્ક કરવાનું હોય છે પણ એ સાથે ફિલ્ડ વર્ક પણ કરવાનું હોય છે. વંદનાબેને જણાવ્યું કે, ‘‘અત્યારે ICDS માં 2100થી વધુનો સ્ટાફ છે તેમના મહેકમ અને વહીવટનું કામ સંભાળું છું. મારે ઓફિસે 10.30 વાગે પહોંચવાનું હોય પણ હું માઇન્ડ સેટ એ રીતે કરું કે મારે 9 વાગે ઓફિસ જવા નીકળવાનું છે એટલે બીફોર ટાઈમ ઘરનાં કામ કરી લઉં. આંગણવાડીમાં મારે સુપરવિઝનનું કામ કરવાનું હોય. કુપોષિત બાળકો માટેના કે બીજા કોઈ પ્રોગ્રામ હોય ત્યારે ફિલ્ડ લેવલનું કામ કરવાનું હોય. કુપોષિત બાળકોના ઘરની વિઝિટ લેવાની હોય. આંગણવાડીની સ્વચ્છતાનું સુપરવિઝન કરવાનું હોય. ઓફિસ વર્કમાં ફિલ્ડ વિઝિટનું રિપોર્ટિંગ કરવાનું હોય, ફાઇલ વર્ક, પેપર વર્ક કરવાનું હોય. કોરોનાના સમયમાં તો ક્વોરન્ટાઇન કરેલી વ્યક્તિઓને ઘરે જઈને ઘરથી બહાર નહીં નીકળવા સમજાવા આંગણવાડીના કાર્યકર જતાં તેમનું સુપરવિઝન કરવું પડતું. ત્યારે તો 20 થી 25 સોસાયટીનો સવાર સાંજ રાઉન્ડ લેવાનો થતો. ગઈ વખતના ઇલેક્શનમાં ફિમેલ પોલિંગ ઓફિસરનું એક્સ્ટ્રા કામ કર્યું હતું. પિંક બુથ પર આસિસ્ટન્ટ પ્રિસાઈડિંગની ડ્યુટી કરી હતી. અત્યારે મારાં માતા-પિતા મારા ઘરે આવ્યાં છે તો મને એમનો ઘણો સપોર્ટ મળી રહ્યો છે. કોઈ વખત હું સાંજે થોડી મોડી ઘરે પહોંચું તો મારું બાળક સૂઈ ગયું હોય ત્યારે એવું થાય કે હું મારા બાળકને સમય ના આપી શકી. ઘર અને ઓફિસ વર્કને બેલેન્સ કરવા મેં AI ટેકનોલોજીનો સહારો લીધો છે. ઓફિસ લેટર, રિપોર્ટ બનાવવા AI યુઝ કરું તો સમયની બચત થાય છે. હું રબારી સમાજમાંથી આવું છું જ્યાં દીકરીઓને ઉચ્ચ શિક્ષણ માટેની તકો મર્યાદિત છે. ઉચ્ચ શિક્ષણ માટે બહાર નથી મોકલતાં. જો કે મને મારાં પેરેન્ટ્સનો સારો સપોર્ટ મળ્યો એટલે જ હું સરકારી જોબનું મારું સપનું પૂરું કરી શકી. હું NCCમાં હતી ત્યારે રાઇફલ શૂટિંગમાં મારું સિલેક્શન થયું હતું. મને ઘોડેસવારી પણ આવડે છે અને તલવારબાજી પણ આવડે છે.’’





### હું સવારે સાડા ચાર વાગે ઊઠી ઘરનાં કામ પતાવી સવા સાત વાગે તો સુરત આવી જાઉંઃ ઝંખના ગોસ્વામી

38 વર્ષીય ઝંખનાબેને જણાવ્યું કે, ‘‘મને ટીચરની નોકરીમાં 17 વર્ષ પૂરાં થયાં છે. બાળકોને ભણાવવાનાં, બીએલઓ ( બુથ લેવલ ઓફિસર)ની કામગીરી કરવાની અને હવે વસ્તી ગણતરીનું કામ તથા હું શોખથી કોર્પોરેશનના પ્રોગ્રામમાં એન્કરિંગ પણ કરું છું. આ બધાં કામો મારે કામરેજથી સુરત અપડાઉન કરીને પૂરાં કરવાનાં હોય એટલે મને થાક તો ચઢે પણ એડજસ્ટ થઈ જતું હોય છે. હું કામરેજ તાલુકાના ખોલવડમાં રહું છું. હમણાં તો વેકેશન હતું એટલે હું સવારે 8થી સાડા દસ કે 11 વાગ્યા સુધી વસ્તી ગણતરીની મને સોંપવામાં આવેલી કામગીરી કરતી હતી પણ હવે સ્કૂલ ચાલુ થઈ ગઈ છે. મારા દીકરાની સ્કૂલ પણ સવારની છે એટલે હું સવારે સાડા ચાર વાગે ઊઠીને દીકરા માટે લંચ બોક્સ બનાવું અને સાથે થોડો નાસ્તો આપું. રસોઈ મારાં મધર ઇન લો કરી લે છે એટલે મને ઘણો સપોર્ટ મળી રહે. હું ટુ વ્હિલર પર સવારે સાડા છ વાગે સુરત આવવા નીકળું. સવા સાતની આસપાસ સ્કૂલે પહોંચી જાઉં અને પછી 12.30 વાગે સ્કૂલની છુટ્ટી થાય પછી ઘરે આવીને સાંજે વસ્તી ગણતરીનાં કામે ફરી સુરત આવું છું. બીએલઓની કામગીરીમાં ઓનલાઈન ફોર્મનાં કામો કરવાનાં હોય પણ વર્ષે 5 કે 7 રવિવાર એવા હોય જેમાં ચૂંટણી કાર્ડને લઈને કેમ્પ લાગતાં હોય ત્યારે લોકોની ભીડ બહુ હોય ત્યારે હું ફેમિલીને પૂરતો સમય નથી આપી શકતી. મારું ફેમિલી મારા શિડ્યુલ પ્રમાણે એડજસ્ટ કરતું હોય. હું કોર્પોરેશનના પ્રોગ્રામનું એન્કરીંગ કરું ત્યારે સ્કૂલનો ટાઈમ હોય એટલે મારો ટાઈમ ઓન ડ્યુટી ગણાય. ગત વર્ષે નવેમ્બરમાં એસઆઈઆર (SIR)ની કામગીરી શરૂ થઈ હતી જે ફેબ્રુઆરી સુધી ચાલી હતી ત્યારે તો ઓનલાઈન ફોર્મનું કામ રાત્રીના 12 કે એક વાગ્યા સુધી કર્યું છે. આટલાં બધાં કામો કરવાનાં હોય ત્યારે થાક તો બહુ લાગે પણ ઘર-ઓફિસ અને એક્સ્ટ્રા કામ ટાઈમ મેનેજમેન્ટ કરીએ એટલે પૂરાં તો થઈ જાય. ખુશહાલ વર્કલાઈફ સાથે જીવનને સુંદર બનાવવામાં માનું છું.’’



### ઘરેથી ઓફિસ જવાનો સમય નક્કી હોય પણ ઘરે પરત ફરવાનો સમય નક્કી ના હોયઃ જિગીષા દેસાઈ

જિગીષાબેન પહેલાં લેબ ટેક્નિશ્યન હતાં. તો ત્યારે સવારે 9 થી સાંજે 5 વાગ્યા સુધીનો સમય નક્કી હતો. સ્મીમેર મેડિકલ કોલેજમાં બેસીને જ કામ કરવાનું હતું પણ 2018માં ફૂડ સેફ્ટી ઓફિસરની જવાબદારી સંભાળવાનું શરૂ કર્યું ત્યારથી ઘરેથી ઓફિસ જવાનો સમય નક્કી હોય પણ ઘરે પરત ફરવાનો સમય નક્કી ના હોય. ફૂડ સેફ્ટી ઓફિસર તરીકે ફિલ્ડમાં કામ કરવાનું હોય. સિટીલાઈટ વિસ્તારમાં રહેતાં 51 વર્ષીય જિગીષાબેન દેસાઈએ જણાવ્યું કે, ‘‘હું અને મારા હસબન્ડ બંને ફૂડ વિભાગમાં છીએ. આમ રોજનો વર્કિંગ ટાઈમ સવારે 9 થી બપોરે 2 વાગ્યા સુધી અને સાંજે 4 થી 7 વાગ્યા સુધીનો હોય. જોકે, ઓફિસે 9 વાગે પહોંચીએ પછી ફૂડને લગતી ફરિયાદો ઓનલાઈન આવે કે ફોન પર આવે કે પછી પોર્ટલ પર આવે અમારે ફરિયાદના નિકાલ માટે જવું પડે. ફૂડના સેમ્પલિંગ માટે જવાનું હોય. ફરિયાદો ગમે ત્યારે આવે એટલે કોઈ વખત રાત્રે 10 પણ વાગે તો કોઈ વખત 11 પણ વાગી જાય. ફરિયાદો આવે ત્યારે સેંપ્લિંગ પણ કરવાનું હોય અને જરૂર પડે ફૂડ સિઝ પણ કરવાનું હોય. મારા ઘરમાં કામવાળી છે એ રસોઈનું પણ જોઈ લે એટલે હું નિશ્ચિંતપણે મારું વર્ક કરી શકું છું. ઘર, ઓફિસ વર્કને મેનેજ કરીને ચાલવું પડે. કોઈ વખત એવું થાય કે, ઓફિસે જતા પહેલાં સાંજના પર્સનલ પ્રોગ્રામ નક્કી કર્યા હોય પણ ઓફિસ પહોંચીએ ત્યારે સિનારિયો અલગ હોય અને કામ પણ કંઈક અલગ જ આવી પડે. મેરેજ એનિવર્સરી સેલિબ્રેશન પણ કેન્સલ કરવા પડે. ગયા વર્ષે અમેરિકા જવાનો પ્લાન કર્યો હતો પણ ઇલેક્શન આવી જતાં રજા પાસ નહીં થઈ તો પ્લાન કેન્સલ કરવો પડ્યો અને ચૂંટણી પછી અમેરિકા જવાનું થયું હતું. ફૂડના લાઇસન્સનું કામ પણ કરવાનું હોય. એની અરજી ઓનલાઈન આવે પછી સ્થળ પર ઇન્સ્પેક્શન માટે જવાનું હોય. હમણાં વસ્તીગણતરીમાં સુપરવિઝનની જવાબદારી સોંપવામાં આવી છે. અમારા ગણતરીદારો કેવી રીતે કામ કરે છે તેનું સુપરવિઝન મારે કરવાનું થાય. કામ તો અચાનક આવી જતાં હોય પણ વર્ક અને હોમને હવે તો હું સારી રીતે એડજસ્ટ કરી લઉં છું એટલે મને હવે આ કામો હેક્ટિક નથી લાગતાં પણ રૂટિનથી કાંઈક અલગ કરવાનું ગમે છે. આ કામો ઉપરાંત મને સાહિત્યમાં રુચિ છે એટલે ગીત, ગઝલ, વાર્તાઓ લખવા માટે પણ સમય કાઢી લઉં છું, કવિ સંમેલનમાં ભાગ પણ લઉં છું.’’



**એવું નથી હોતું કે મહિલા ઓફિસર્સ જ ફિલ્ડવર્ક કરતા હોય છે પણ અલગ અલગ વિભાગની મહિલા કર્મચારીઓ જે મોટા ભાગે ઓફિસવર્ક માટે નિયુક્ત થઈ હોય છે તેમણે પણ સરકારનાં કેટલાંક કામો માટે ફિલ્ડની જવાબદારી લેવાની હોય છે. પોલિયો અભિયાન વખતે ઘરે ઘરે બાળકોના સર્વે કરવા, ઇલેક્શન વખતે પોલિંગ બુથ પર કામગીરી, મતદાનને લગતા કાર્ડ આપવા ઘરે ઘરે જવું, કોઈ પેન્ડેમિક સ્થિતિ ઊભી થાય ત્યારે ઘરે ઘરે સર્વે કરવા આ મહિલા કર્મચારીઓને જવું પડતું હોય છે. આ કામો રોજના ના હોય પણ તે ક્યારેક ક્યારેક જ કરવાનાં કામો હોય પણ એવી સ્થિતિમાં ઘર ને બાળકોને સાચવવા અઘરું પડી જતું હોય છે. નાનાં બાળકોને માતા-પિતા કે સાસુ-સસરાને સંભાળવા આપવા પડતાં હોય છે. જો પારિવારિક સપોર્ટ ના હોય તો સાવ નાના બાળકને પોતાની સાથે લઈ જવા પડતા હોય છે પણ ‘નારી તું ક્યારેય ના હારી’ની ઉક્તિ આવી મહિલાઓ દરેક મોરચે સફળતાપૂર્વક લડીને સાર્થક કરે છે.**